# પેપર નં.૫

**પ્રશ્ન : ૧ (અ) નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના દસ લીટીમાં ઉત્તર લખો.** **(૧૦)**

(૧) વેણુને બચાવવા જુમાએ શું શું કર્યું ?

(૨) 'પૃથિવીવલ્લભ કેમ ખંચાયો ?' ને આધારે મુંજના વ્યકિતત્વનો પરિચય કરાવો.

(૩) રૂખડે શા સમાચાર આપ્યા ? તેજુ અને ગગીફૂઇ પર તેની શી અસર થઇ ?

**(બ) નીચેનામાંથી કોઇપણ એક પર આશરે આઠ લીટીમાં નોંધ લખો.** **(૪)**

(૧) અહિંસા વિશેના ગાંધીજીના વિચારો વર્ણવો.

(૨) શ્રુતિને સુખી કરવા માટે સુહાસ અને શીલાએ કરેલા પ્રયત્નો.

**(ક) નીચેનામાંથી કોઇપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો.** **(૨)**

(૧) 'આગગાડીના અનુભવો' માં ઉત્પન્ન થતા રમૂજી કટાક્ષો.

(૨) પતિનો પ્રેમ મેળવવા કુમુદે કરેલા પ્રયત્નો.

**(ડ) નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** **(૪)**

(૧) 'મધ્યાહ્નનું કાવ્ય'ના આધારે મધ્યાહનનું વાતાવરણ તમારા શબ્દોમાં ટૂંકમાં લખો.

(૨) દીકરીના અપમૃત્યુ માટે ગણપત પોતાને તેમજ કુંવરને કેમ જવાબદાર ગણે છે ?

**પ્રશ્ન : ૨ (અ) નીચેનામાંથી કોઇ બે પ્રશ્નોના દસ લીટીમાં ઉત્તર લખો.** **(૧૦)**

(૧) 'અમે પકડી આંબલિયાની ડાળ' કાવ્યમાં મીરાંબાઇએ પ્રયોજેલા દૃષ્ટાંતો સમજાવો.

(૨) લક્ષ્મણે ઊર્મિલાને શા માટે ધન્યવાદ આપ્યા ?

(૩) 'પતંગિયું' કાવ્યમાં નિરૂપાયેલું હૃદયચિત્ર સ્પષ્ટ કરો.

**(બ) નીચેનામાંથી કોઇપણ એક પર આશરે આઠ લીટીમાં જવાબ લખો.** **(૪)**

(૧) અભિમન્યુની વીરગતિનું નિરૂપણ કરો.

(૨) મરજીવાના ઉદાહરણ દ્વારા કવિએ સૂચવેલ વિચારો.

**(ક) નીચેનામાંથી કોઇપણ એક પર આશરે આઠ લીટીમાં નોંધ લખો.** **(૪)**

(૧) જંગલમાં રાત્રે સમય પસાર કરવા માટે ચારેય મિત્રોએ કરેલી યોજના.

(૨) કવયિત્રી પન્ના નાયકને થયેલો સ્મતિભ્રમ વર્ણવો.

**(ડ) નીચેનામાંથી કોઇપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** **(૨)**

(૧) પતિને ચાકરીએ જતાં પત્ની શા માટે રોકે છે ?

(૨) કાવ્ય નાયિકા અમૃતને અંજલિમાં ઝીલવાની શા માટે ના પાડે છે ?

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલ વિષયોમાંથી કોઇ એક વિષય પર આપેલ મુદ્દાના આધારે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.** **(૧૦)**

(૧) **જનની જોડે સખી, નહિ જડે રે લોલ** (પ્રસ્તાવના - માતા બાળકનું લાલનપાલન કરે - માતા બાળકનું ઘડતર કરે - માતાનો અવિચલ પ્રેમ - માતા વિના સૂનો સંસાર - ઉપસંહાર)

(૨) **મારા શૈશવના સંસ્મરણો** (પ્રસ્તાવના - બાળપણની ટેવો - બાલમંદિરના સંસ્મરણો - પહેલા ધોરણના સંસ્મરણો - પ્રાથમિક શાળાનાં સંસ્મરણો - રજાઓના સંસ્મરણો - ઉપસંહાર)

**(બ) તમારી શાળામાં 'શિક્ષક દિન' નિમિત્તે યોજાયેલા સમારંભની માહિતી આપતો અહેવાલ આશરે ૧૦૦ શબ્દોમાં લખો.** **(૫)**

**(ક) આપેલા ગદ્યખંડ વાંચીને તેનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરો અને તેને યોગ્ય શીર્ષક આપો.** **(૫)**

વિકલાંગ માણસ જગતને ભાગરૂપ છે એવી લાગણી અર્થહીન છે. ભારરૂપ જોવા જઇએ તો અસંખ્ય માણસો જડશે જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યકિતમાં નિષ્ઠા અને સંકલ્પકિત હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરૂષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણા ઘણા સામાજિક ગુણો વિકસે છે. માનવતાની, સામાજિક, જીવનની આ કેળવણી તત્વતઃ ધાર્મિક કેળવણી છે. આનાં સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશજન થઇ શકીશું. વધારે સારા હિંદુ કે મુસલમાન થઇ શકીશું. બલકે વિશ્વમાનવ કે પરમ પિતાના સાચાં સંતાન થઇ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી. જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી, તે જ અપંગ છે.

**પ્રશ્ન : ૪ (અ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પાંચ પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો.** **(૫)**

દેશ તો આઝાદ થતાં થઇ ગયો,
તે શું કર્યું ?
દેશ જો બરબાદ થતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહયું ?
'લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામા માશીના,
કાળાં બજારો, મોંઘવારી : ના સીમા !''
રોષથી સૌ દોષ ગોળ્યા.
ગાળથી બીજાને પોખ્યા.
આપ પોતાનેય શિર આવે ન. જો ! તે શું કર્યું ?
આપબળ ખર્ચ્યું પૂરણ ? જો, દેશના આ ભાગ્યમાં તે શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે,
સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે
ગાફેલ, થા હુશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે !
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુષ્પમય તું જ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે.
હર એકહિંદી હિંદની છે જિંદગી.
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

**પ્રશ્ન :** (૧) કવિ કોને પ્રશ્નો પૂછે છે ! એ પ્રશ્નો દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(૨) સ્વતંત્ર ભારતમાં કવિને કયા દોષો દેખાય છે ?

(૩) સ્વાતંત્ર્ય વિશે કવિ શું કહે છે ?

(૪) 'તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?' આ પંકિતમાં કવિ કયા 'સૌભાગ્યની' વાત કરે છે ?

(૫) સ્વાતંત્ર્યદિને કવિ શી પ્રાર્થના કરે છે ?

**(બ) નીચેનામાંથી કોઈપણ એકનો આશરે દસ લીટીમાં વિચાર વિસ્તાર કરો.** **(૫)**

(૧) શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી,
ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.

(૨) મહાસિધ્ધિ માટે અડગ દિલથી અંત મથવું

**(ક) (૧) નીચે આપેલા વિધાનોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર શોધી લખો.** **(૨)**

(૧) સુહાસના જીવનની પહેલી કરૂણતા એ હતી કે ..........
- (અ) પત્ની અંગ્રેજી ભણેલી ન હતી.
- (બ) દીકરી શ્રુતિનો જન્મ થયો.
- (ક) દીકરી શ્રુતિની શ્રવણશકિત હણાઇ ગઇ હતી.

(૨) કુંવર તેની દીકરીનાં સાસરિયાંને 'ગોઝારાં' કહે છે કારણ કે.......
- (અ) તેઓ એક પણ વાર તેની દીકરીને પિયર મોકલવા તૈયાર ન હતાં.
- (બ) તેમણે ભેગાં મળીને તેની દીકરીને કમોતે મારી નાખી હતી.
- (ક) તેમણે કુંવર અને તેના પતિ સાથે ઝઘડો કર્યો હતો.

**(૨) (અ) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંની સાચી ઉકિત શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) અભિમન્યુ | (૧) 'આવો કૌરવ ! છે કોઇ યોદ્ધો ?'' |
| (૨) જુમો | (૨) 'ઇને ગાળ્ય દીધે આપણે રૂડાં ન લાગીએ' |
| | (૩) 'તને પણ લાડ કરવાની ટેવ પડી છે !' |

**(ખ) 'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી કર્તાનું સાચું નામ શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) નગરમાં ચાંદની | (૧) ઉશનમ્ |
| (૨) સ્મૃતિભ્રમ | (૨) વ્રજલાલ દવે |
| | (૩) પન્ના નાયક |

**(ગ) 'અ' વિભાગનાં પાત્રો સાથે 'બ' વિભાગમાંથી સાચી કૃતિ શોધીને લખો.** **(૧)**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (૧) પારવતી | (૧) દીકરા |
| (૨) ફૂકો | (૨) થીંગડું |
| | (૩) ભણકારા |

(ઘ) **'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી સાહિત્ય પ્રકાર શોધીને લખો.** (૧)

| | |
|---|---|
| (૧) રંગલયગતિ | (૧) ગઝલ |
| (૨) હાવાં હું સખી | (૨) ઊર્મિ કાવ્ય |
| | (૩) ગરબી |

(૩) **કાવ્યપૂર્તિ કરો.** (૪)

પર્વતને નામે પથ્થર .....................

........................... આજે જાણી.

**પ્રશ્ન : ૫ સૂચના પ્રમાણે કરો.**

(ક) **નીચેના શબ્દોની સાચી જોડણી લખો.** (૨)

પરિસ્થીતી, સહાનુભૂતી, સુશ્રુષા, નીરવાણ.

(ખ) (૧) **સંધિ છોડો :** (૧)

(૧) સ્વચ્છ (૨) સંગીત

(૨) **સંધિ જોડો :** (૧)

સ્વ + છંદ, પ્ર + નામ.

(ગ) (૧) **સમાસના પ્રકાર લખો.** (૧)

(૧) મહાવીર (૨) ફૂલડાં-કટોરી

(૨) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (૧)

(૧) રણમાં દેખાતું આભાસી જળ

(૨) ભયંકર કાળો સાપ.

(ઘ) (૧) **વાકયોનું સૂચના પ્રમાણે રૂપાંતર કરો.** (૧)

(૧) પ્રભાશંકરથી વાર્તા શરૂ થઇ ગઇ. (કર્તરિ વાકય બનાવો)

(૨) મનુએ સોયમાં દોરો પરોવ્યો. (પ્રેરક વાકય બનાવો.)

(૨) **આપેલા વાકયનું સૂચના પ્રમાણે રૂપાંતર કરો.** (૧)

(૨) જુમાને અનેક મિત્રો હતો. (ઉદ્દગાર વાકય બનાવો.)

(૧) આ શ્વાસની રમતમાં હારી ગયો છું. (નિષેધ વાકય બનાવો.)

(ચ) (૧) **છંદ પ્રકાર ઓળખાવો.** (૧)

(૧)વહે વેગે નૌકા સરલ સરતી સિંધુ ઉપરે.

(૨) જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.

(૨) **છંદનો પ્રકાર લખો. :** 'મંદાક્રાન્તા' (૧)

(છ) (૧) **બે અલંકારના ફકત પ્રકાર લખો.** (૧)

(૧) રવિને પોતાનો તડકો ન ગમે તો તે કયાં જાય ?

(૨) ગૂંથાયેલી જાળ કરાળ કાળ કેરી.

(૨) **અલંકારનું ઉદાહરણ આપો :** 'અનન્વય' (૧)

**(જ) (૧) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકય પ્રયોગ કરો.** **(૧)**

(૧) ગૂડા ભાંગી જવા.

**(૨) કહેવતનો અર્થ આપો :** મોરના ઈંડાં ચીતરવા ન પડે. **(૧)**

**(ઝ) (૧) બે પર્યાય શબ્દો આપો.** **(૧)**

(૧) અનુકંપા (૨) સોડમ

**(૨) બે તળપદા શબ્દોનું શિષ્ટરૂપ આપો.** (૧)

(૧) ભોડું, (૨) ગોજ

**(૮) નીચેના આપેલ વાકયનું વિશ્લેષણ કરો.** **(૨)**

પારવતી ડોશી જીવતાં હતા, ત્યાં સુધી તો બહાર જવાનો
વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઈ હાજર રહેતાં.

**(૯) (૧) વાકયને યોગ્ય પદક્રમ જાળવીને ફરીથી લખો.** **(૧)**

ધણી માથે જેવો ભગવાન છે બેઠો.

**(૨) બે ભાવવાંચક સંજ્ઞા લખો. :** (૧) સમાજ (૨) ભારત (૧)

* * * * *